# સાયન્સ એક્સ્પ્રેસ ક્લાઈમેટ એક્શન સ્પેશિયલ
## (SECAS II)

# સંક્ષિપ્ત નોંધ

સાયન્સ એક્સપ્રેસ એ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST), ભારત સરકારનો વિશેષ કાર્યક્રમ છે. તે 16 વાતાનુકૂલિત કોચ ધરાવતી રેલગાડીમાં મઢેલું, ઓક્ટોબર 2007 થી ભારતભરમાં ફરતું, એક અનોખુ ફરતું વિજ્ઞાન પ્રદર્શન છે. તેણે 1,60,000 કિમીનો પ્રવાસ કરીને 525 મુકામોએ પ્રદર્શન કરીને આઠ વખત ભારતના પ્રવાસ કર્યા છે. સાયન્સ એક્સપ્રેસના 1785 પ્રદર્શની દિવસોમાં, તેને 1.77 કરોડ મુલાકાતીઓ સાથેનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો છે. સાયન્સ એક્સપ્રેસ એ મોટામાં મોટું, લાંબા સમયથી ચાલતું, સૌથી વધુ લોકો દ્વારા મુલાકાત લેવાયેલું અને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં બાર વિક્રમો નોંધાવનાર ભારતનું ફરતું વિજ્ઞાન પ્રદર્શન બન્યું છે. સાયન્સ એક્સપ્રેસના વર્તમાન, એટલે કે નવમા તબક્કામાં, તારીખ 22 જુલાઈ 2017ના રોજ મુંબઈ સીએસટી સ્ટેશને એક જ દિવસમાં 1.24 લાખ લોકોએ આ પ્રદર્શની ટ્રેનની મુલાકાત લઈને એક નવો જ વિક્રમ નોંધાવ્યો છે.

સાયન્સ એક્સપ્રેસના પ્રથમ ચાર તબક્કામાં વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં દુનિયા ભરમાં થયેલા સંશોધનો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ત્યાર પછીનું પાંચમાથી સાતમા તબક્કાનું પ્રદર્શન જૈવવિવિધતા વિષય-વસ્તુ પર આધારિત હતું અને 'સાયન્સ એક્સપ્રેસ બાયોડાયવર્સિટી સ્પેશિયલ (SEBS)' તરીકે તેમાં ભારતની સમૃદ્ધ જૈવવિવિધતા તથા તેના સંરક્ષણની જરૂરિયાતો દર્શાવવામાં આવ્યા હતા. ત્યારબાદ 'સાયન્સ એક્સપ્રેસ ક્લાઈમેટ એક્શન સ્પેશિયલ (SECAS)' તરીકેના આઠમા તબક્કામાં આબોહવા પરિવર્તનના વૈશ્વિક પડકાર પર પ્રકાશ પાડવામાં આવ્યો.

રેલ મંત્રાલયના માનનીય મંત્રી શ્રી સુરેશ પ્રભુ; વિજ્ઞાન અને ટેકનોલોજી તથા પૃથ્વી વિજ્ઞાન વિભાગના માનનીય મંત્રી ડૉ. હર્ષ વર્ધન; પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના રાજ્ય કક્ષાના માનનીય મંત્રી સ્વર્ગસ્થ શ્રી અનિલ માધવ દવેના હસ્તે 17 ફેબ્રુઆરી 2017 ના રોજ SECAS II તરીકેના વર્તમાન નવમા તબક્કાના સાયન્સ એક્સપ્રેસને લીલી ઝંડી ફરકાવીને દિલ્હી સફદરજંગ રેલ્વે સ્ટેશનેથી રવાના કરવામાં આવી હતી. વર્તમાન તબક્કાના SECASના પ્રવાસનો સમયગાળો 17 ફેબ્રુઆરી થી 8 સપ્ટેમ્બર 2017 સુધીનો નિશ્ચિત કરવામાં આવ્યો છે, જે દરમ્યાન ભારતભરમાં 19,000 કિમી વિસ્તારને આવરતા 74 સ્થાનોએ તે પ્રદર્શિત કરવામાં આવશે. SECASના કેન્દ્રના વિષયો આબોહવા પરિવર્તન તથા વિજ્ઞાન અને ટેકનોલોજી છે. આ પ્રદર્શન આબોહવા પરિવર્તન વિશે એક મજબૂત સંદેશો પાઠવે છે તથા પ્રશ્નોત્તરી અને ચર્ચાવિચારણા માટે પણ એક સારી તક પૂરી પાડે છે.

SECAS II એ ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ (DST); પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC); બાયોટેકનોલોજી વિભાગ (DBT); રેલ મંત્રાલય; ભારતીય વન્યજીવ સંસ્થા (WII) અને વિક્રમ એ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (VASCSC) નો આ એક અજોડ સહિયારો પ્રયાસ છે.

આબોહવા પરિવર્તન એ લાંબા ગાળાએ અસર કરનારી આજની અતિ મહત્વની પર્યાવરણની સમસ્યા છે. બદલાતા હવામાનના માળખાને કારણે અન્નનું ઉત્પાદન જોખમમાં મુકાવાથી માંડીને દરિયામાં પાણીના સ્તરમાં થતા વધારાને લીધે આપત્તિજનક પુરનો ખતરો વધવા સુધી, આબોહવા પરિવર્તનની અસર એ ફક્ત વૈશ્વિક ક્ષેત્રે અને પરંપરાગત ધોરણે જ નહીં પરંતુ અધિકતમ ગરીબ અને સીમાંતવાસીઓને ગંભીર અસર કરે છે. આમ છતાં, કમનસીબે આબોહવા પરિવર્તન અને તેના કારણે થતી અસરો વિશેની સમજ લોકોમાં ખુબજ ઓછી છે. સાયન્સ એક્સપ્રેસ ક્લાઇમેટ એક્શન સ્પેશિયલ (SECAS) પરના આ કલાત્મક પ્રદર્શનનો ધ્યેય, ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઓછું કરીને અને અનુકૂલન દ્વારા આબોહવા પરિવર્તનનો સામનો કેવી રીતે કરવો એ વિશે સમાજના વિવિધ વિભાગોમાં જાગરુકતા પેદા કરવાનો છે.

4 નવેમ્બર 2016 ના રોજ પેરિસ કરાર અમલમાં આવ્યો. પેરીસ કરારનો આબોહવા પરિવર્તનના ભયની વૈશ્વિક પ્રતિક્રિયાને મજબૂત બનાવવાનો અને આબોહવા પરિવર્તનની અસરો સાથે વ્યવહાર કરવા માટે દરેક દેશોની ક્ષમતાને

મજબૂત બનાવવાનો છે. કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝની પ્રથમ બેઠકનું .સંયોજન નવેમ્બર 2016 માં મારાકેશમાં ભરાયેલ પેરિસ કરાર (સી.એમ.એ. 1) પક્ષકારોની સભા સાથે કરવામાં આવ્યું. આ પરિષદે સફળતાપૂર્વક વિશ્વને દર્શાવ્યું કે પેરિસ કરારનું અમલીકરણ ચાલી રહ્યું છે અને આબોહવામાં પરિવર્તન પર બહુપક્ષીય સહકારના રચનાત્મક વિચારો ચાલી રહ્યા છે. SECAS તરીકે પુનઃરચના કરાયેલ સાયન્સ એક્સપ્રેસનું પ્રયોજન આબોહવા પરિવર્તન પાછળનું વિજ્ઞાન, અવલોકિત અને અપેક્ષિત અસરો તથા વિવિધ શક્ય જવાબદારીઓ વિશેની સમજ વધારવા માટેનું યોગદાન આપવાનું છે. સાયન્સ એક્સપ્રેસના અગાઉના ત્રણ તબક્કાઓ DST અને MoEFCC ના સંયુક્ત પહેલ તરીકે જૈવવિવિધતા વિશેષ તરીકે રજૂ કરવામાં આવ્યા હતા અને તેમાં ભારતની અસંખ્ય જૈવવિવિધતા દર્શાવવામાં આવી હતી. આમ, 'આબોહવા પરિવર્તન' વિષય-વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું તર્કસંગત હતું કારણ કે તે માત્ર ભારતની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની જૈવવિવિધતા પર અસર કરશે.

SECASના 16 કોચમાંથી આઠ કોચમાં પ્રદર્શન MoEFCC દ્વારા રાખવામાં આવ્યું છે જેમાં સંપૂર્ણપણે માહિતી, આબોહવા પરિવર્તનના વિવિધ પાસાઓને લગતી સાધન-સામગ્રી અને અભ્યાસ, મૂળભૂત વિજ્ઞાન, આબોહવાની અસરો, અનુકૂલન પ્રવૃત્તિઓ, ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટાડવા માટેના ઊકેલો અને નીતિ વિષયક અભિગમ એટલી સરળ અને રસપ્રદ રીતે દર્શાવ્યા છે કે ફક્ત શાળાના વિદ્યાર્થીઓને જ નહીં પરંતુ સમાન્ય જન સમુદાયને પણ એ સમજવામાં ખુબજ રસ પડે. બાકીનામાં, DBT અને DST દ્વારા પ્રદર્શનો અને પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવેલ છે.

દરેક પ્રદર્શની કોચમાં આવરી લેવાયેલ વિષય-વસ્તુ :

•કોચ 1: આબોહવા પરિવર્તનની સમજ – એક પ્રણાલી તરીકે આબોહવા અંગેની સમજ, ગ્રીનહાઉસ વાયુની અસર અને આબોહવા પરિવર્તન માટેના અંતર્ગત કારણો સાથેનો મુખ્ય સંદેશો કે, આબોહવામાં વર્તમાન ફેરફાર એ માનવીય પ્રવૃત્તિઓને કારણે જ છે.
•કોચ 2: આબોહવા પરિવર્તનની અસર –પાણી, કૃષિ, વન અને જૈવવિવિધતા તથા માનવ આરોગ્ય વગેરે જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ચોમાસામાં ભિન્નતા અને તાપમાન તથા સમુદ્રની સપાટીમાં થતા વધારાથી કેવી અસરો થશે તેની આગાહી અને તેને ઘટાડવા માટેના ઉપાયો.
•કોચ 3 અને 4: અનુકૂલન – અનુકૂલનના ખ્યાલો અને રોજબરોજની જિંદગીમાંથી મળતા ઉદાહરણો, અનુકૂલન યુક્તિઓ અને એ ક્ષેત્રમાંથી મળતી વાર્તાઓ. શહેરી અને ગ્રામીણ સંદર્ભમાં અનુકૂલન વિકલ્પો તથા અનુકૂલન માટે ભારતે કરેલા કાર્યો.
•કોચ 5 અને 6: ગ્રીનહાઉસ વાયુના ઉત્સર્જનમાં ઘટાડો – સંતુલન પુનઃસ્થાપન પર ભાર, નવીનીકરણીય ઉર્જા ટેકનોલોજી દ્વારા શોષણમાં વધારો અને ઉત્સર્જનમાં ઘટાડો વગેરેના સિદ્ધાંતો અને વ્યાખ્યાની ઉદાહરણ સાથેની સમજ. ભારત દ્વારા અમલમાં મુકાયેલા વિવિધ કાર્યક્રમો તથા નવીનીકરણીય ઉર્જા પદચિન્હ વધારવા માટેના મહત્વાકાંક્ષી ધ્યેય અને કાર્બન ઉત્સર્જન ઘટાડવાની વ્યૂહરચના.
•કોચ 7: આબોહવા પરિવર્તન પર આંતરરાષ્ટ્રીય વાટાઘાટો – UNFCCC, IPCCનો પરિચય અને આંતરરાષ્ટ્રીય સંમતીથી નક્કી કરાયેલા કાર્યો અને લક્ષ્યો. વ્યાજબી અને સામાન્ય પરંતુ અલગ જવાબદારીના ખ્યાલો, ક્યોટો પ્રોટોકોલ અને મુખ્ય કોપ(COP)ના બીજા મહત્વના પરિણામો, પેરીસ કરાર વગેરેની સમજ.
•કોચ 8: હકારાત્મક કાર્ય – 'તમારી હેન્ડપ્રિન્ટ વધારો, ફૂટપ્રિન્ટ(પદચિન્હ) ઘટાડો'ના મુખ્ય સંદેશા સાથે તમે શાળામાં, રસ્તામાં, ઘરમાં અને કાર્યાલયમાં શું કરી શકો એ માટે તમારી જીવનશૈલીની પસંદગીઓના ખ્યાલો પર ધ્યાન કેન્દ્રિત કરો.
•કોચ 9 અને 10: જૈવ-સંસાધનો અને કુદરતના સંરક્ષણ માટે બાયોટેકનોલોજી જેવા વિષય-વસ્તુઓને આવરી લેતા ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગ (DBT) દ્વારા મુકવામાં આવેલ પ્રદર્શન, જેમાં વાઘનું સંરક્ષણ અને રાસાયણિક જૈવસૃષ્ટિ તથા બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતમાં થયેલ સંશોધન અને વિકાસ પર ખાસ ભાર.
•કોચ 11: સામાન્ય લોકોના કૌશલ્ય અને સંવર્ધિત વાસ્તવિકતા ટેકનીકના ઉપયોગથી કરેલ નવીન પ્રોજેક્ટ/પરિયોજના પ્રદર્શિત કરતા ચુનંદા સંશોધનો દર્શાવતું નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (NIF) દ્વારા મુકવામાં આવેલ પ્રદર્શન. સામાજીક વિકાસ માટે વિજ્ઞાન શિક્ષણ, તકનિકી ઉકેલ, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં સંશોધન જેવા વિષય-વસ્તુ પર પ્રદર્શન.

•કોચ 12: વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ વિષયક માનસિક કસરત કરાવતી રમતો તથા કોયડાઓ ઉપરાંત આનંદસભર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે ધોરણ 5 અને તેથી નાના વિદ્યાર્થીઓ માટેનો કીડ્ઝ ઝોન.
•કોચ 13: વિજ્ઞાનનો આનંદ (JOS) – ધોરણ 6 થી 10 ના વિદ્યાર્થીઓ વિવિધ પ્રયોગો અને પ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણ, વિજ્ઞાન અને ગણિત વિષયો રોચક રીતે સમજીને શીખે એ માટે 'વિજ્ઞાનનો આનંદ' પ્રવૃત્તિલક્ષી પ્રયોગશાળા. શિક્ષકો માટે ચર્ચા-સહ-તાલીમની વ્યવસ્થા.

સૌર ઉર્જાનો ઉપયોગ કરવા માટે DST અને CELના સંયુક્ત પ્રયાસથી સાયન્સ એક્સપ્રેસના કોચ નંબર 11 થી 13ની છત પર સૌર પેનલો સ્થાપિત કરવામાં આવી છે.

સાયન્સ એક્સપ્રેસની મુલાકાત લેનાર દરેક ઉંમરની વ્યક્તિઓને વ્યસ્ત રાખવા માટે અને SECASનો સંદેશો મજબૂત કરવા માટે તેના દરેક મુકામે અગાઉથી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. રેલ્વે પ્લેટફોર્મ પર વિવિધ પ્રવૃત્તિઓ કરવાની સાથે-સાથે વધુમાં વધુ લોકો સુધી પહોંચી શકાય એ માટે સ્થાનિક શાળાઓ/સંસ્થાઓમાં પણ આકર્ષક અને ખુબ લોકપ્રિય હોય એવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત, બહોળા પ્રચાર માટે મુલાકાતીઓ અને શાળાઓમાં માહિતીસભર સામગ્રીઓનું વિતરણ પણ કરવામાં આવે છે.

અમદાવાદ સ્થિત વિક્રમ એ સારાભાઇ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર(VASCSC)ને સમગ્ર ભારતમાં SECASનું વ્યવસ્થાપન કરવાની કામગીરી DST દ્વારા સોંપવામાં આવી છે. ઉચ્ચ લાયકાત ધરાવતી, તાલીમ લીધેલી અને અત્યંત પ્રોત્સાહિત એવી VASCSCની વિજ્ઞાન સંચારકોની ટુકડી આ ટ્રેન સાથે પ્રવાસ કરે છે. તેઓ મુલાકાતીઓને તેમની ભાષામાં અનુવાદ કરીને પ્રદર્શન સમજાવે છે, તેમના પ્રશ્નોના ઉત્તર આપે છે, અન્ય સવલતો પૂરી પડે છે અને પૂરક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

આ પ્રદર્શન દરેક માટે, મુખ્યત્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ખુલ્લું છે. વધુ માહિતી www.sciencexpress.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે. પ્રદર્શનની મુલાકાત લેવા માટે કે અન્ય કોઈ પૂછપરછ માટે આપ sciencexpress@gmail.com પર ઈ-મેઈલ કરીને અથવા મોબાઈલ નંબર 09428405407 પર ફોન કરીને ટ્રેન પરની ટુકડીના સભ્યનો સંપર્ક સાધી શકો છો. અગાઉથી નોંધણી કરાવીને, વધુમાં વધુ 20ના જૂથમાં શાળાના વિદ્યાર્થીઓ JOS પ્રયોગશાળામાં ભાગ લઈ શકે છે.

ટીમ SECAS આ પ્રતિષ્ઠિત પ્રદર્શનના બહોળા પ્રચાર માટે લાગતા વળગતા વિભાગો, પ્રચાર-પ્રસાર માધ્યમો, સંસ્થાઓ અને દરેક વ્યક્તિઓને સહકારની અપેક્ષા રાખીએ છીએ, જેથી મોટી સંખ્યામાં મુલાકાતીઓ તેનો લાભ લઈ શકે.

સૂચના:

- પ્રદર્શન જોવા માટે કોઈ પ્રવેશ ફી નથી તથા પ્રદર્શન બધા માટે ખુલુ છે.
- સાયન્સ એક્સપ્રેસમાં કોઈપણ અણીદાર કે ધારદાર વસ્તુઓ, પાણીની શીશી, અન્ય પ્રવાહી, મોબાઈલ, કેમેરા, થેલા, દીવાસળીની પેટી, સિગારેટ, બીડી, તમાકુ વગેરે જેવી વસ્તુઓ લઈ જવાની મનાઈ છે.
- પ્રદર્શન સ્થળ: સંબંધિત શહેરનું રેલ્વે સ્ટેશન
- પ્રદર્શન સમય: સવારે 10:00 થી સાંજે 05:00 સુધી
- સંબંધિત મુકમોની તારીખો જાણવા માટે સમયપત્રક જુઓ.

**સાયન્સ એક્સપ્રેસ – ક્લાઈમેટ એક્શન સ્પેશિયલ**

**સમયપત્રક**

(17 ફેબ્રુઆરી 2017 – 08 સપ્ટેમ્બર 2017)

| અનુ. નંબર | સ્ટેશન | પ્રદર્શન તારીખ | અનુ. નંબર | સ્ટેશન | પ્રદર્શન તારીખ |
|---|---|---|---|---|---|
| 1 | દિલ્હી સફદરજંગ | 17 ફેબ્રુઆરી 2017 | 38 | ગુલબર્ગા | 31 મે-2 જૂન 2017 |
| 2 | દિલ્હી કેન્ટોનમેન્ટ | 18-19 ફેબ્રુઆરી 2017 | 39 | કલ્લુરુ | 03-05 જૂન 2017 |
| 3 | હિસાર | 20-23 ફેબ્રુઆરી 2017 | 40 | વ્હાઈટ ફીલ્ડ | 06-08 જૂન 2017 |
| 4 | ધુરી | 24-26 ફેબ્રુઆરી 2017 | 41 | કેંગેરિ | 09-11 જૂન 2017 |
| 5 | તરન તરન | 27-28 ફેબ્રુઆરી 2017 | 42 | કોડુરુ | 12-14 જૂન 2017 |
| 6 | શ્રી માતા વૈષ્ણો દેવી, કટરા | 01-02 માર્ચ 2017 | 43 | પુડુચેરી | 15-16 જૂન 2017 |
| 7 | ઉધમપુર | 03-04 માર્ચ 2017 | 44 | અત્તુર | 17-19 જૂન 2017 |
| 8 | નંગલ ડેમ | 06-07 માર્ચ 2017 | 45 | કરુર | 20-22 જૂન 2017 |
| 9 | સીરહિન્દ | 08-10 માર્ચ 2017 | 46 | કોડાઈકેનાલ રોડ | 24 જૂન 2017 |
| 10 | ચંડીગઢ | 12 & 14 માર્ચ 2017 | 47 | વિરુધુનગર | 25-27 જૂન 2017 |
| 11 | રામપુર | 15-17 માર્ચ 2017 | 48 | અરુમુગનેરી | 28-30 જૂન 2017 |
| 12 | કસગંજ સીટી | 18-20 માર્ચ 2017 | 49 | કયાંકુલમ | 01-04 જુલાઈ 2017 |
| 13 | ખલીલાબાદ | 22-25 માર્ચ 2017 | 50 | થ્રીસુર | 05-07 જુલાઈ 2017 |
| 14 | માઉ | 26-29 માર્ચ` 2017 | 51 | કન્નુર | 08-10 જુલાઈ 2017 |
| 15 | ગયા | 30-31 માર્ચ 2017 | 52 | મડગાંવ | 11-13 જુલાઈ 2017 |
| 16 | પટના | 01-02 એપ્રિલ 2017 | 53 | રત્નાગીરી | 14-16 જુલાઈ 2017 |
| 17 | કિઉલ | 03-04 એપ્રિલ 2017 | 54 | સિંધુદુર્ગ | 17 જુલાઈ 2017 |
| 18 | સીતામરહી | 05 એપ્રિલ 2017 | 55 | રોહા | 18 જુલાઈ 2017 |
| 19 | સમસ્તીપુર | 06 એપ્રિલ 2017 | 56 | મુંબઈ સીએસટી | 19-22 જુલાઈ 2017 |
| 20 | સલમારી | 07-08 એપ્રિલ 2017 | 57 | નાસિક રોડ | 24-25 જુલાઈ 2017 |
| 21 | ફકીરાગ્રામ | 09-10 એપ્રિલ 2017 | 58 | ધુલે | 26 જુલાઈ 2017 |
| 22 | લમડિંગ | 11-12 એપ્રિલ 2017 | 59 | અકોલા | 27-28 જુલાઈ 2017 |
| 23 | અગરતલા | 13-14 એપ્રિલ 2017 | 60 | મુર્તજાપુર | 29 જુલાઈ 2017 |
| 24 | બદરપુર | 15-17 એપ્રિલ 2017 | 61 | અમરાવતી | 30 જુલાઈ 2017 |
| 25 | ઉત્તર લખીમપુર | 19-21 એપ્રિલ 2017 | 62 | નાગપુર | 31 જુલાઈ-03 ઓગષ્ટ 2017 |
| 26 | રંગપરા ઉત્તર | 22-24 એપ્રિલ 2017 | 63 | અમલા | 04 ઓગષ્ટ 2017 |
| 27 | બાગડોગરા | 25-26 એપ્રિલ 2017 | 64 | બેતુલ | 05-06 ઓગષ્ટ 2017 |
| 28 | ધનબાદ | 28-30 એપ્રિલ 2017 | 65 | હબીબગંજ | 07-09 ઓગષ્ટ 2017 |
| 29 | બારકપુર | 01-02 મે 2017 | 66 | બીના | 10-12 ઓગષ્ટ 2017 |
| 30 | કલ્યાણી | 03-05 મે 2017 | 67 | ખજુરાહો | 13-14 ઓગષ્ટ 2017 |
| 31 | ચાન્ડિલ | 06-08 મે 2017 | 68 | મારવાડ | 17-18 ઓગષ્ટ 2017 |
| 32 | ભદ્રક | 09, 11 & 12 મે 2017 | 69 | બલોત્રા | 19-21 ઓગષ્ટ 2017 |
| 33 | પુરી | 13-16 મે 2017 | 70 | ડીસા | 22-24 ઓગષ્ટ 2017 |
| 34 | છત્રપુર | 17-19 મે 2017 | 71 | ભુજ | 25-27 ઓગષ્ટ 2017 |
| 35 | કોતાવલસા | 20-23 મે 2017 | 72 | ભક્તિનગર | 28-31 ઓગષ્ટ 2017 |
| 36 | ગુડિવડા | 24-26 મે 2017 | 73 | ગોંડલ | 01-04 સપ્ટેમ્બર 2017 |
| 37 | મિર્યાલગુડા | 27-30 મે 2017 | 74 | ખોડિયાર | 05-08 સપ્ટેમ્બર 2017 |

(નોંધ: તારીખો ફેરફાર થઈ શકે છે)

21 ઓગષ્ટ 2017